પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૯૮ | ૮ જાન્યુઆરી, ૨૦૧૯, મંગળવાર; પોષ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મોદીનો માસ્ટરસ્ટ્રોક : સવર્ણોને ૧૦ ટકા અનામત

**અંતે ગરીબ સવર્ણો માટે ૧૦ ટકા અનામતને કેબિનેટની લીલીઝંડી : સરકારી નોકરીઓ-શિક્ષણમાં ગરીબ સવર્ણોને મળશે અનામતનો લાભ : હાલનો ક્વોટા ૪૯.૫ ટકાથી વધીને ૫૯.૫ ટકા કરાશે, તેમાંથી ૧૦ ટકા ક્વોટા આર્થિક રીતે પછાત લોકો માટે હશે : લોકસભા ચૂંટણી પહેલા નરેન્દ્ર મોદીએ માસ્ટરસ્ટ્રોક રમ્યો : ૧૦ ટકા અનામતને અમલી કરવા માટે ભારતીય બંધારણમાં સુધારા કરવાની જરૂર રહેશે : વિરોધ કરનારી પાર્ટીઓને લોકસભા ચૂંટણીમાં મુશ્કેલી નડશે**

નવીદિલ્હી, તા. ૭

લોકસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે ધારણા પ્રમાણે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે વધુને વધુ આક્રમક બની રહ્યા છે અને માસ્ટર સ્ટ્રોક રમવાની શરૂઆત કરી ચુક્યા છે. આના ભાગરુપે જ આજે એક માસ્ટરસ્ટ્રોક રમીને કેન્દ્રીય કેબિનેટે ઉચ્ચ જાતિ અથવા તો ઉચ્ચ સવર્ણ જાતિઓના આર્થિકરીતે નબળા લોકો માટે ૧૦ ટકા અનામતને લીલીઝંડી આપી હતી. ગરીબ સવર્ણો માટે સરકારી નોકરી અને શિક્ષણમાં ૧૦ ટકા અનામતના પ્રસ્તાવને લીલીઝંડી આપી હતી. આજે કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. કેન્દ્ર સરકાર અનામતની આ નવી ફોર્મ્યુલાને લાગૂ કરવા માટે અનામતના ક્વોટાને વધારવાની હિલચાલ ધરાવે છે. ભારતીય બંધારણમાં આર્થિક આધાર પર અનામતની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. આવી સ્થિતિમાં સરકારની પાસે ગેમચેન્જર ગણાતી આ હિલચાલને અમલી કરવા માટે બંધારણીય સુધારાનો એકમાત્ર રસ્તો રહેલો છે. અનામત ક્વોટા ૪૯.૫ ટકાથી વધારીને ૫૯.૫ ટકા કરવામાં આવશે જેના ભાગરુપે ૧૦ ટકા ક્વોટાને આર્થિકરીતે નબળા વર્ગને આવરી લેવા માટે રહેશે. લાંબા સમયથી આર્થિકરીતે નબળા સવર્ણો માટે અનામતની માંગ કરવામાં આવી રહી હતી. મિડિયા રિપોર્ટની વાત કરવામાં આવે તો જે લોકોની પારિવારિક આવક ૮ લાખ રૂપિયાથી વાર્ષિક ઓછી છે તે લોકોને આનો ફાયદો થશે. આની સાથે સાથે શહેરમાં ૧૦૦૦ સ્કેવરફુટથી નાના મકાન અને પાંચ એકરથી ઓછી કૃષિ જમીનની શરત પણ આમા ઉમેરવામાં આવી છે. થોડાક દિવસ પહેલા જ એસસી અને એસટી એક્ટ પર મોદી સરકારના નિર્ણય બાદ સવર્ણ જાતિઓમાં નારાજગી જોવા મળી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## કયા આવક વર્ગના સવર્ણોને મળશે અનામત

૧. જે લોકો EWS કેટેગરી (ગરીબ)માં આવે છે.
૨. જે સવર્ણ પરિવારોની વાર્ષિક આવક ૮ લાખ રૂપિયાથી ઓછી છે.
૩. જે સવર્ણ ખેડૂતોની પાસે ૫ હેક્ટરથી ઓવી જમીન છે.
૪. ૧૦૦ સ્ક્વેર ફુટથી ઓછી જમીનવાળું ઘર હોય.
૫. ૧૦૯ યાર્ડથી નાનો રેસિડેન્ટલ પ્લોટ હોય શહેર(મ્યુનિસિપાલિટી)માં
૬. ૨૦૯ યાર્ડથી નાનો પ્લોટ હોય ગામ કે નાના શહેર (મ્યુનિસિપાલિટી એરિયા)માં



## કઈ-કઈ જ્ઞાતિનો સમાવેશ

બ્રાહ્મણ, નાગર બ્રાહ્મણ- નાગર, વળાદરા બ્રાહ્મણ, અનાવિલ બ્રાહ્મણ, ઓદિચ્ય બ્રાહ્મણ, તપોધન બ્રાહ્મણ, મેવાડા બ્રાહ્મણ, મોઢ બ્રાહ્મણ, ગુગળી બ્રાહ્મણ, સાંચોરા બ્રાહ્મણ, સારસ્વત બ્રાહ્મણ, શ્રીમાળી બ્રાહ્મણ, રાજપૂત- રજપૂત, ક્ષત્રિય, વાણિયા- વૈષ્ણવ શાહ, ભાટિયા, ભાવસાર, ભાવસાર(જૈન), બ્રહ્મ ક્ષત્રિય, ક્ષત્રિય પ્રભુ, ન્યાયેતર જાતિ (જે SC, ST, OBC/SEBCમાં ન હોય તે), પૂજારા, કેર, ખડાયતા, ખત્રી, કળબી- કણબી, લેઉવા પાટીદાર- પટેલ, કડવા પાટીદાર- પટેલ, લાડ વાણિયા, શ્વેતાંબર જૈન વાણિયા, દિગંબર જૈન વાણિયા, લોહાણા- લવાણા- લુહાણા, મંડાલી, મણિયાર, મરાઠા રાજપૂત (મુળે ગુજરાતમાં સ્થાયી થયેલા), મહારાષ્ટ્રિયન (જે SC, ST, OBC/SEBCમાં ન હોય તે અને મૂળે ગુજરાતમાં સ્થાયી થયેલા), દશા- વીસા જૈન, પોરવાલ જૈન, સોમપુરા- સોમપુરા બ્રાહ્મણ (ઘંટિયા સલાટ સિવાયના), સોની- સોનાર- સુવર્ણકાર, સિંધી ( જે SC, ST, OBC/SEBCમાં ન હોય તે).

# એએપી-આપનું સમર્થન

નવી દિલ્હી, તા. ૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગરીબ સવર્ણોને અનામત આપવાના પ્રસ્તાવને સ્પષ્ટપણે ટેકો આપ્યો છે. સાથે સાથે શરદ પવારની પાર્ટી એનસીપીએ પણ ટેકો આપવાની જાહેરાત કરી છે. કોંગ્રેસ પાર્ટીએ પણ આ સંદર્ભમાં સાવધાનીપૂર્વકની પ્રતિક્રિયા આપી દીધી છે. કેજરીવાલે ઈશારા ઈશારામાં આને ભાજપના ચૂંટણી સ્ટંટ તરીકે પણ ગણાવીને ટકોર કરી છે. ટ્વિટ પર કેજરીવાલે કહ્યું છે કે, ચૂંટણી પહેલા ભાજપ સરકાર સંસદમાં બંધારણીય સુધારા બિલ રજૂ કરે તેમ અમે ઈચ્છીએ છે. અમે સરકારનો સાથ આપીશું. જો ચૂંટણી પહેલા આને રજૂ કરવામાં નહીં આવે તો એમ માનવામાં

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસ ચૂંટણી સ્ટંટ ગણે છે, અનામત પ્રસ્તાવને ટેકો છે

સવર્ણ ગરીબોને અપાનાર લાભોને કોંગ્રેસ આવકારે છે પરંતુ ચૂંટણી સમયે જ કરાયેલી જાહેરાત કમનસીબ છે. કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા અને ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી હરીશ રાવતે પણ આ પ્રસ્તાવને ચૂંટણી જુમલો ગણાવતા કહ્યું કે, તેનાથી મોદી સરકાર બચી શકશે નહીં, તેમણે એક વાતચીતમાં કહ્યું કે, ખુબ વારં કરી દીધી મહેમાનને આવતા આવતા. આ જાહેરાત ત્યારે થઈ છે જ્યારે ચૂંટણી નજીક છે. તે કંઈ પણ કરી લે, તેનાથી કંઈ થવાનું નથી.

## જાહેરાત લોલીપોપ સાબિત ન થાય : હાર્દિક પટેલ

અમદાવાદ,તા. ૭

કેન્દ્રની મોદી સરકાર દ્વારા સર્વણ જ્ઞાતિના આર્થિક રીતે નબળા લોકોને દસ ટકા અનામત આપવાની જાહેરાત કરાઈ છે અને આ માટે બંધારણમાં સંશોધન કરવામાં આવશે તેવી પણ હૈયાધારણ અપાઈ ત્યારે પાટીદાર અનામત આંદોલનનાં નેતા હાર્દિક પટેલ અને અલ્પેશ કથિરીયા, એસપીજીના લાલજી પટેલ તથા કોંગ્રેસના નેતા અલ્પેશ ઠાકોર સહિતના નેતાઓ દ્વારા પ્રતિક્રિયા વ્યક્ત કરવામાં આવી છે. પાટીદાર અનામત આંદોલનનાં નેતા હાર્દિક પટેલે જણાવ્યુ હતું કે, આ પહેલા આનંદીબેન પટેલે પણ દસ ટકા અનામત આપવાની વાત કરી હતી. લોકસભા ચૂંટણી આવવાને માત્ર થોડા મહિના બાકી છે ત્યારે આ ચૂંટણીલક્ષી નિર્ણય હોય તેવુ લાગે છે. બંધારણીય રીતે જો દસ ટકા અનામત મળે અને રોજગારી તથા શિક્ષણમાં અનામત મળતી હોય તો અમે તેનો સ્વીકાર કરીએ છીએ. રાજસ્થાન, મધ્યપ્રદેશ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**જ્યોતિ રંધાવાની જામીન અરજી ફગાવાઈ**

બહરાઈચના સંરક્ષિત વન વિસ્તારમાં શિકાર કરતા ઝડપાયેલા આંતરરાષ્ટ્રીય ગોલ્ફર અને શૂટર જ્યોતિ રંધાવાની જામીન અરજી જિલ્લા કોર્ટે ફગાવી દીધી છે. ૨૬ નવેમ્બરે તેમની ધરપકડ કરવામાં આવી હતી.

**બેરોજગારી વધવાની જવાબદારી લો : શિવસેના**

દેશમાં બેરોજગારી વધી રહી છે તે મામલે શીવસેનાએ પીએમ મોદી પર નિશાન સાધ્યુ છે. સીએમ આઈઈના રીપોર્ટ મુજબ દેશમાં એક વર્ષમાં ૧.૦૯ કરોડ નોકરીઓ ખતમ થઈ ગઈ છે.

**હિમાચલના ધારાસભ્યો અંદમાનમાં ફસાયા**

હિમાચલપ્રદેશના પાંચ ધારાસભ્યો વાવાઝોડાના કારણે અંદમાન-નિકોબાર દ્વિપસમુહના હેવલોક ટાપુ પર ફસાઈ ગયા છે. તેમની સાથે કેટલાક પ્રવાસીઓ પણ છે. પ્રયાસો બાદ તેઓને પોર્ટબ્લેર પહોંચાડવામાં આવ્યા છે.

**કુંભમાં મોદી સાથે નેપાળ અને મોરિશીયસના વડાપ્રધાન ડુબકી લગાવશે**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી નેપાળ અને મોરિશીયસના વડાપ્રધાનો સાથે કુંભમાં ડુબકી લગાવે તેવી શક્યતા છે. આગામી ૨૪ જાન્યુઆરીએ મોરિશીયસના વડાપ્રધાન પ્રવિન્દ્ર જગન્નાથ વડાપ્રધાન મોદી સાથે કુંભ જઈ રહ્યા છે. જ્યારે નેપાળના વડાપ્રધાન કે.પી.માર ઓલીના કુંભ પ્રવાસને અંતિમ રૂપ અપાઈ રહ્યું છે.

# ઓસ્ટ્રેલિયા સામે ભારતની ઐતિહાસિક જીત

**૭૨ વર્ષ બાદ પ્રથમ વખત ટેસ્ટ શ્રેણી જીતી : વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમનો ઓસ્ટ્રેલિયામાં ડંકો : વરસાદ અને ખરાબ હવામાનના કારણે સિડની ટેસ્ટ જીતવાથી ભારત વંચિત રહ્યુ પરંતુ શ્રેણી જીતી : પુજારા મેન ઓફ ધ મેચ તેમજ સિરિઝ જાહેર કરાયો**

સિડની, તા. ૭

સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ચોથી અને અંતિમ ટેસ્ટ મેચ વરસાદ અને ખરાબ હવામાનના કારણે ભારત આજે જીતથી વંચિત રહી ગયુ હતુ. જો કે ભારતે ૭૨ વર્ષના લાંબા ગાળા બાદ ઓસ્ટ્રેલિયાની જમીન પર પ્રથમ વખત ટેસ્ટ શ્રેણી જીતીને નવો ઈતિહાસ રચ્યો હતો. આની સાથે જ ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ શ્રેણી જીતવા માટેના ૭૨ વર્ષના ઈન્તજારનો પણ અંત આવી ગયો હતો. ભારતીય ટીમે હવે ઓસ્ટ્રેલિયામાં પણ ડંકો વગાડ્યો હતો. સમગ્ર ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં શાનદાર દેખાવ કરવા બદલ ચેતેશ્વર પુજારાની મેન ઓફ ધ મેચ અને સિરિઝ તરીકે પસંદગી કરવામાં આવી હતી. તે સમગ્ર શ્રેણીમાં છવાયેલો રહ્યો હતો. ભારતીય ટીમ તરફથી દરેક મેચમાં તેનો જોરદાર દેખાવ રહ્યો હતો. ઓસ્ટ્રેલિયાની જમીન પર શ્રેણી જીતનાર વિરાટ કોહલી પ્રથમ ભારતીય કેપ્ટન બની ગયો હતો. સિડની ટેસ્ટ મેચમાં આજે પણ વરસાદ અને ખરાબ હવામાનની સ્થિતી રહી હતી. જેના કારણે રમત શક્ય બની ન હતી. જેથી ભારત



સિડનીમાં ટેસ્ટ મેચ જીતવાના ઈતિહાસથી વંચિત રહ્યુ હતુ. જો કે શ્રેણી તો ભારતે પહેલાથી જ જીતી લીધી હતી. આ શ્રેણી ભારતે ૨-૧થી જીતી લીધી હતી. ગઈકાલે ચોથી અને અંતિમ ટેસ્ટ મેચના ચોથા દિવસે પ્રથમ ઈનિંગ્સમાં ઓસ્ટ્રેલિયાની ટીમ ૩૦૦ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ત્યારબાદ ભારતે ઓસ્ટ્રેલિયાને ફોલોઓનની ફરજ પાડી હતી. ખરાબ હવામાન અને વરસાદી માહોલ વચ્ચે ચોથા દિવસે રમત વહેલીતકે બંધ કરી દેવામાં આવી હતી. તે વખત સુધી ઓસ્ટ્રેલિયાએ બીજી ઈનિંગ્સમાં કોઈપણ વિકેટ ગુમાવ્યા વિના ૬ રન બનાવી લીધા હતા. માર્કસ હેરિસ બે રન અને ખ્વાજા ચાર રન સાથે રમતમાં હતા. આજે પાંચમા અને અંતિમ દિવસે રમત શક્ય બની ન હતી. આની સાથે જ ભારતની જીત થઈ હતી. ચાઈનામેન કુલદીપે વર્તમાન શ્રેણીમાં પ્રથમ ટેસ્ટ મેચ રમતા ૯૯ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી જેના લીધે ઓસ્ટ્રેલિયાની ટીમ તેના પ્રથમ દાવમાં ૧૦૪.૫ ઓવરમાં ૩૦૦ રન કરીને આઉટ થઈ ગઈ હતી. ભારતે ૩૨૨ રનની લીડ

● અનુસંધાન પાન-૭ પર

# અખિલેશે એક જ દિવસમાં ૧૩ પ્રોજેક્ટોને મંજુર કર્યા હતા

**ઇ-ટેન્ડરિંગ પ્રક્રિયાનો ભંગ કરી પ્રોજેક્ટ મંજુર કર્યા હતા : અખિલેશની સીબીઆઈ પુછપરછ કરી શકે છે**

લખનૌ, તા. ૭

વિરોધ પક્ષો તરફથી આક્ષેપબાજી કરવામાં આવ્યા બાદ સીબીઆઈએ ઉત્તરપ્રદેશમાં ગેરકાયદે માઈનિંગ કેસના સંદર્ભમાં વિસ્તારપૂર્વક માહિતી આપી હતી અને કહ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી અખિલેશ યાદવે એક જ દિવસમાં ૧૩ માઈનિંગ પટ્ટાને લીલીઝંડી આપી હતી. અધિકારીઓના કહેવા મુજબ અખિલેશ યાદવની ઓફિસે એક જ દિવસમાં ૧૩ પ્રોજેક્ટોને લીલીઝંડી આપી દીધી હતી. એજન્સીનું કહેવું છે કે, અખિલેશ યાદવે થોડાક સમય સુધી માઈનિંગ ખાતુ પણ પોતાની પાસે રાખી ચુક્યા છે. અખિલેશે ૧૪ પટ્ટાને મંજુરી આપી હતી જે પૈકી ૧૩ પટ્ટાને ૧૭મી ફેબ્રુઆરી ૨૦૧૩ના દિવસે એક જ દિવસે મંજુરી અપાઈ હતી. ઈ-ટેન્ડરિંગ પ્રક્રિયાનો ભંગ કરીને આ મંજરી આપવામાં આવી હતી. સીબીઆઈએ દાવો કર્યો છે કે, ૧૭મી ફેબ્રુઆરીના દિવસો હમીરપુરના જિલ્લા મેજિસ્ટ્રેટ બી ચંદ્રકલા દ્વારા ૧૭ પટ્ટાઓને મંજુરી આપવામાં આવી હતી. ૨૦૧૨ ઈ-ટેન્ડરિંગ પોલિસીના ભંગમાં તત્કાલિન મુખ્યમંત્રી તરફથી મંજુરી મળ્યા બાદ ચંદ્રકલાએ ૧૭ પટ્ટાઓને મંજુરી આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## સીબીઆઈથી ગભરાશો નહી : માયાવતી

ઉત્તરપ્રદેશમાં રેતી ખનન મામલે તપાસપૂર્વ મુખ્યમંત્રી અને સપાના રાષ્ટ્રીય અધ્યક્ષ સુધી પહોંચી ગઈ છે. આ મામલે બસપા પ્રમુખ માયાવતીએ જણાવ્યુ છે કે ભાજપનો આ ચૂંટણી સ્ટંટ છે. સીબીઆઈ તપાસથી ગભરાવવાની જરૂર નથી.

# આજથી ટ્રેડ યુનિયનોની બે દિવસની દેશવ્યાપી હડતાળ

નવી દિલ્હી, તા. ૭

સેન્ટ્રલ ટ્રેડ યુનિયનોની આવતીકાલે હડતાળ પડનાર છે. સરકારની નીતિઓ સામેના વિરોધમાં ટ્રેડ યુનિયનો દ્વારા બે દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળની જાહેરાત કરવામાં આવી છે. સેન્ટ્રલ ટ્રેડ યુનિયનોનું કહેવું છે કે, આશરે ૨૦ કરોડ વર્કરો આ બે દિવસની હડતાળમાં સામેલ થનાર છે. એક પક્ષીય શ્રમ સુધારા અને વર્કર વિરોધી નીતિઓના પરિણામ સ્વરુપે આ હડતાળ કરવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ
દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે: ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



BUILT ON QDR
TOYOTA Quality Revolution
www.toyotabharat.com
INNOVA CRYSTA | Benefits Up To ₹40,000*
Special Offers for Selected Variant - 2018 model Only (Offers for Ltd. Period & Stock only)
SHORT TERM GAINS — Offers Like Never Before
LONG TERM PEACE OF MIND — Low Cost of Maintenance# | Long Lasting Durability# | Reliable and Quick Service# | High Resale Value^
Now available in CSD
Dual Front SRS Airbags, ABS with EBD & Pretensioner Force Limiter [PTFL] standard across all Toyota cars
UNMATCHED WARRANTY* 3 years/1,00,000 kms *Conditions Apply | TOYOTA U TRUST | TOYOTA ACCESSORIES | TOYOTA PROTECT | EXPRESS MAINTENANCE | 24X7 ROADSIDE ASSISTANCE
INFINIUM TOYOTA • Ahmedabad (S.G. Road & Naroda) • Himmatnagar • Vadodara • Rajkot • Gandhidham • Mehsana | For Sales: 98250 24230/33 | For Service: 079-66041400
Log on to pointart.Mobi from your mobile browser to download the PointART. Capture the Toyota logo and experience Toyota's products and services. Accessories shown in the ad may not be part of standard equipment. Please check with Infinium Toyota for more details. TKM (manufacturer) reserves the right to change the design, specifications and colours without prior notice.*T&Cs apply. Vehicles delivery subject to availability of stock, Finance at the sole discretion of financier only. Offers applicable on Limited Period & Stock only.Scheme is applicable on 2018 model only.